# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૯ તા.૨૫-૦૮-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- તા.૦૬-૦૭-૨૦૨૧ના રોજ નોડલ અધિકારીઓની બેઠક કાર્યનોંધની અમલવારી બાબત.

સંદર્ભઃ- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૯૧૭૯-૯૨૬૫ તા.૨૪-૦૮-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રોડ સેફટી ઓથોરિટી ખાતે રોડ સેફટી કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં તા.૦૬/૦૭/૨૦૨૧ના રોજ માર્ગ સલામતી અન્વયે કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરવા બાબતે નોડલ અધિકારીશ્રીની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અધ્યક્ષ સ્થાનેથી મળેલ સૂચના અન્વયે કેલેન્ડર વર્ષ મુજબ નેશનલ/ઈન્ટરનેશનલ દિવસને જોડીને માર્ગ સલામતીને લગતા કાર્યક્રમો કરવા તથા આ અંગે કરેલ કામગીરીનો અહેવાલ આપની કક્ષાએથી આપના ઝોનના સુપરવાઈઝર મારફતે મદદનીશ શાસનાધિકારીશ્રીને ઈ-મેઈલ કરવાનો રહેશે. જે-તે મદદનીશ શાસનાધિકારીશ્રીએ અત્રેની કચેરીના ઈ-મેઈલ **aoschoolboard@gmail.com** પર મોકલી આપવાનો રહેશે. ઉક્ત બાબતે આપની કક્ષાએથી બિડાણમાં દર્શાવેલ સંદર્ભિત પત્ર મુજબ જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૮-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/ ૯૨૭૯-૯૨૬૫

(ઈ.નં.૫૪૩૭૬).

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૪/૦૮/૨૦૨૧

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- તા. ૦૬/૦૭/૨૦૨૧ ના રોજ નોડલ અધિકારીઓની બેઠક કાર્યનોંધની અમલવારી બાબત.
**સંદર્ભઃ**- ગુજરાત રોડ સેફટી ઓથોરીટી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- ગુરોસેઓ/નોડલ/બેઠક/કા.નો./ ૫૧૫ તા. ૧૮/૦૮/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ગુજરાત રોડ સેફટી ઓથોરિટી ખાતે રોડ સેફટી કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં તા. ૦૬/૦૭/૨૦૨૧ ના રોજ માર્ગ સલામતી અન્વયે કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરવા બાબતે નોડલ અધિકારીશ્રીની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અધ્યક્ષ સ્થાનેથી મળેલ સૂચના અન્વયે જિલ્લામાં નોડલ અધિકારીશ્રીની નિમણૂંક કરવાની રહેશે તથા કેલેન્ડર વર્ષ મુજબ નેશનલ/ઇન્ટરનેશનલ દિવસને જોડીને માર્ગ સલામતીને લગતા કાર્યક્રમો કરવા તથા આ અંગે કરેલ કામગીરીનો અહેવાલ આપની કક્ષાએથી અત્રેની કચેરીના ઇ-મેઇલ **sankalan.dpe.guj@gmail.com** પર સત્વરે મોકલી આપવાનો રહેશે. ઉકત બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- ચીફ એન્ફોર્સમેન્ટ ઓફીસરશ્રી, ગુજરાત રોડ સેફટી ઓથોરિટી, પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં, સેકટર- ૧૮, ગાંધીનગર- ૩૮૨૦૦૯

Scanned by CamScanner

# ગુજરાત રોડ સેફટી ઓથોરીટી

પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં, સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૯
E-mail ID: cot-trans-rsa@gujarat.gov.in Phone: ૦૭૯ ૨૩૨ ૫૮૧૪૮

૨૭

ક્રમાંક:ગુરોસેઓ/નોડલ/બેઠક/કા.નોં/ ૫૫૫

તા: 18 AUG 2021

19 AUG 2021
આવક નં. ૪૮૩૭૨
૨૦/૮/૨૧

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

(૩) અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ, નવા સચિવાલય, ગાંધીનગર

(૪) પોલીસ મહાનિર્દેશકશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર

(૫)કમિશનરશ્રી, વાહન વ્યવહાર વિભાગ, જુના સચિવાલય, ગાંધીનગર

(૬)કમિશનરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, જુના સચિવાલય ગાંધીનગર

(૭)સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

(૮) ચીફ જનરલ મેનેજરશ્રી, NHAI, સેકટર-૧૧, ગાંધીનગર.

(૯) નિયામકશ્રી, હાયર એજ્યુકેશન, જુના સચિવાલય, ગાંધીનગર

(૧૦)નિયામકશ્રી, ટેકનીકલ એજ્યુકેશન કર્મયોગી ભવન, ગાંધીનગર

(૧૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,જુના સચિવાલય, ગાંધીનગર

(૧૨)GVK, EMRI, નરોડા-કઠવાડા રોડ અમદાવાદ

(૧૩)નાયબ વન સંરક્ષકશ્રી, અરણ્ય ભવન,સેક્ટર-૧૦-એ,ગાંધીનગર

(૧૪)મેનેજીંગ ડીરેકટરશ્રી, GSRDC, સેકટર-૧૦ –એ, ગાંધીનગર

વિષય :-તા.૦૬/૦૭/૨૦૨૧ ના રોજ નોડલ અધિકારીઓની બેઠક કાર્યનોંધની અમલવારી બાબત.

Dispray
19/8

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ માર્ગ સલામતિ સંબંધિત અમલીકરણની સમીક્ષા માટે રોડ

Scanned with CamScanner

Scanned by CamScanner

સેફટી કમિશનરશ્રીની અધ્યક્ષતામાં તા.૦૬/૦૭/૨૦૨૧ ના રોજ બપોરે ૩:૦૦ કલાકે નોડલ અધિકારીશ્રીની બેઠક ગુજરાત રોડ સેફટી ઓથોરીટી ખાતે મળી હતી. આ બેઠકની કાર્યનોંધ બિડાણ-૧થી અમલવારી અર્થે સામેલ છે. જે વિદિત થાય.

(નોંધ પર માન.કમિશનરશ્રીની મંજુરી મુજબ)

ચીફ એન્ફોર્સમેન્ટ ઓફિસર
ગુજરાત રોડ સેફટી ઓથોરિટી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

બીડાણઃ-ઉપર મુજબ

Scanned by CamScanner

## તા.૦૬/૦૭/૨૦૨૧ના રોજ બપોરે ૩:૦૦ કલાકે રોડ સેફ્ટી કમિશનરશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ માર્ગ સલામતી નોડલ અધિકારીશ્રીઓની બેઠકની કાર્યનોંધ

નામ. સુપ્રિમ કોર્ટ રોડ સેફ્ટી કમિટીના વખતોવખતના દિશાનિર્દેશ તથા ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી દ્વારા આપેલ સૂચનાઓ અન્વયે માર્ગ સલામતી સંબંધિત વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા માટે રોડ સેફ્ટી કમિશનરશ્રી એલ.પી.પાડલીઆ, IAS(નિ.)ના અધ્યક્ષસ્થાને બેઠક યોજાયેલ હતી. જેમાં કમિશનરશ્રીએ બેઠકમાં બિડાણથી સામેલ યાદી મુજબ ઉપસ્થિત સર્વ અધિકારીશ્રીઓને આવકારી બેઠકની શરૂઆત કરી હતી. આ બેઠકમાં ચર્ચા-વિચારણા કરી નીચે મુજબ સુચના આપવામાં આવી હતી.

સભ્યો તરફથી અન્ય કોઈ સૂચન ન હોવાથી તા.૦૨.૦૧.૨૦૨૧ ના રોજ ઓથોરિટી ખાતે યોજાયેલ નોડલ અધિકારીશ્રીઓની બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

1. IRAD બાબતે રાજ્ય અને જિલ્લા સ્તરે માળખું ઉભુ કરવા બાબત:

- નેશનલ ઇન્ફોર્મેટીક સેન્ટર (NIC), ગુજરાતના અધિકારી શ્રી આર. કે. ચાવડા દ્વારા IRAD બાબતે તમામ નોડલ અધિકારીશ્રીઓને વાકેફ કરતાં જણાવ્યું કે આ સોફ્ટવેર અકસ્માત સંબંધિત માહિતીનું એકત્રીકરણ અને વિશ્લેષણમાં સાતત્ય અને ચોકસાઇ જળવાય તે હેતુથી IIT મદ્રાસ(ચેન્નાઇ) દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.
- IRAD ના મિકેનીઝમની ચર્ચા કરી જેમાં MoRTH, ભારત સરકારની સૂચનાઓથી NIC દ્વારા અમલીકરણ કરવાનું થાય છે. આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા અધિકારીઓ/કર્મચારીઓને સોફ્ટવેર તથા અન્ય કામગીરીની NIC તરફથી ટ્રેનિંગ તથા ટેકનિકલ સપોર્ટ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.
- આ પ્રોજેક્ટના અમલ માટે હાલના તબક્કે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર, કચ્છ-ભુજ, ભરૂચ, બનાસકાંઠા આમ કુલ-૮ જિલ્લાઓમાં શરૂ થનાર હોઇ જિલ્લા કક્ષાએ નોડલ અધિકારી નીમવાના થાય છે. દરેક વિભાગે આ મુજબના નોડલ અધિકારીઓને નીમી નામ, સંપર્ક નંબર, કચેરીનું સરનામું અને ઈ-મેઈલ આઇ.ડી.ની વિગત દરેક સંલગ્ન વિભાગ NICને તેમજ સ્ટેટ ટ્રાફીક બ્રાન્ચના Single Point of Contact(SPoC)ને ઓથોરીટીની જાણ હેઠળ દિન-૧૫માં મોકલી આપવા અધ્યક્ષશ્રીએ સુચના આપી હતી. *(અમલવારી: STB(ટ્રાફીક), R & B, RTO, NHAI).*



Scanned with CamScanner

Scanned by CamScanner

- IRAD ના મૂળ હેતુ મુજબ માર્ગ સલામતિને સંલગ્ન વિભાગ માહિતી એકત્રીકરણ તથા તેના વિશ્લેષણના આધારે માર્ગ અકસ્માતોમાં માનવ મૃત્યુ ઘટાડવા માટે પરિણામલક્ષી સમયબદ્ધ પગલાં લે તેવી સુચના આપવામાં આવી હતી.

2. **વર્ષ ૨૦૧૯ સુધીના આખરી થયેલ બ્લેક સ્પોટની સુધારણાનું આયોજન અને સુધારણાની અદ્યતન પ્રગતિ:**

- અધ્યક્ષશ્રીએ વર્ષ ૨૦૧૯ સુધીના જિલ્લા માર્ગ સલામતી સમિતિઓ દ્વારા આખરી કરાયેલ અને MoRTH, ભારત સરકાર દ્વારા મોકલવામાં આવેલ બ્લેક સ્પોટની જિલ્લાવાર તમામ DSRCs/CRSCs તથા સંલગ્ન વિભાગોને જુન-૨૦૨૧માં મોકલવામાં આવેલ માહિતી પ્રતિ ધ્યાન દોર્યું હતું. આ તમામ બ્લેક સ્પોટ પર ટૂંકા ગાળાનાં પગલાં તાત્કાલિક લેવા તથા લાંબા ગાળાના પગલાં માટેનું આયોજન કરવા અને તેનો અહેવાલ તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમાં રજુ કરવા જણાવ્યું હતું. (અમલવારી:-UDD, NHAI અને R&B)

3. **ગોલ્ડન અવર અને સર્વાઈવર રીપોર્ટ**

- માર્ગ અકસ્માત બાદના તુરતના એક કલાકમાં ઇજાગ્રસ્તોને મેડિકલ સારવાર મળી રહે તો ઇજાગ્રસ્તોની જીવના જોખમથી બચવાની શક્યતા વધી જાય છે તે ધ્યાને લઈ અધ્યક્ષશ્રીએ આરોગ્ય વિભાગને ગોલ્ડન અવર ટ્રીટમેન્ટની અસરકારક વ્યવસ્થા ઉપરાંત જન-જાગૃતિ અને સંવેદનશીલતા વધે તે રીતે કામગીરી કરવા સૂચના આપી હતી.
- રાજ્યમાં વાહન અકસ્માતનો ભોગ બન્યા હોય તે વ્યક્તિને યોજનાનો લાભ મળી રહે અને રાજ્યની તમામ સરકારી, ટ્રસ્ટ તથા ખાનગી હોસ્પિટલો દ્વારા વાહન અકસ્માતના ૪૮ કલાક સુધીમાં સરકારશ્રીની સૂચના મુજબ આકસ્મિક સારવાર પુરી પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા સંબંધિતો ને સુચના આપી હતી. *(અમલવારી: આરોગ્ય વિભાગ)*

4. **વર્કઝોન ટ્રાફીક મેનેજમેન્ટ પ્લાનના ચુસ્ત અમલ અંગે**

- અધ્યક્ષશ્રીએ નોંધ્યું હતું કે નિર્માણાધીન માર્ગો પર રાખવાની થતી તકેદારીઓ બાબતે જિલ્લા માર્ગ સલામતી સમિતિઓમાં માર્ગ નિર્માણ/મરામતનું કામ શરૂ કરતાં પહેલાં વર્ક ઝોન ટ્રાફિક મેનેજમેંટ પ્લાન રજૂ કરીને સમિતિની મંજૂરી મેળવવાની જોગવાઈ કરી હોવા છતાં હજુ આ બાબતને રોડ એન્જિનીઅરીંગ સંલગ્ન વિભાગો દ્વારા ગંભીરતાપૂર્વક લેવામાં આવતી નથી. જે યોગ્ય નથી.



Scanned by CamScanner

- આવા તમામ કિસ્સામાં ગુજરાત રોડ સેફટી ઓથોરીટી દ્વારા વર્કઝોન ટ્રાફિક મેનેજમેન્ટ પ્લાન અંગેના કરેલ તા.૩૧.૦૧.૨૦૨૦ના હુકમનું પાલન કરવા, વર્કઝોન ટ્રાફિક મેનેજમેન્ટ પ્લાન જિલ્લા/શહેર માર્ગ સલામતિ સમિતિમાં મંજુર કરાવીને સંબંધિત Concessionaire અને સંબંધિત ઇજનેરશ્રી તેનો ચુસ્ત અમલ કરાવે તે સુનિશ્ચિત કરવા માર્ગ નિર્માણ સંબંધિત વિભાગોને કડક સુચના આપી હતી. જેથી ગંભીર માર્ગ અકસ્માતો અને તેમાં થતાં માનવ મૃત્યુ નિવારી શકાય.
- ઉકત બાબતે પ્રોજેક્ટની સંપુર્ણ વિગતો, ટેન્ડરની શરતો, પ્રોજેક્ટ પુર્ણ થવાનો સમયગાળો અને તારીખ સહિતની વિગતો કોન્ટ્રાકટ આપનારી સરકારી સંસ્થા શહેર/જિલ્લા માર્ગ સલામતિ સમિતિને મોકલી આપે અને ઉકત હુકમમાં નિર્દિષ્ઠ તમામ જોગવાઈનું પાલન થાય તે બાબતનું સંકલન સભ્ય સચિવશ્રી; શહેર/જિલ્લા માર્ગ સલામતિ સમિતિ(RTO) દ્વારા યોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવા માર્ગ અને મકાન વિભાગ, NHAI ઉપરાંત વાહન વ્યવહાર કમિશનરશ્રી કચેરીના નોડલ અધિકારીશ્રીને સુચના આપી હતી.

  *(અમલવારી: NHAI, R&B, UDD, CoT)*
- DIMTSની ભલામણો અંગે કરવામાં આવેલ અમલની વિગતો મોકલવા, બાકી રહેતી કામગીરીનો ત્વરાથી અમલ કરાવવા, માર્ગોને સમાંતર Water bodies થી વાહન ચાલકોને સુરક્ષિત કરવા, બિન અધિકૃત મિડીયનમાંના ગેપ બંધ કરાવવા તેમજ હાઇવેને મળતાં નાના માર્ગોનો સ્થળે જરૂરી તમામ Traffic Calming measure તાકીદે લેવા સુચના આપી હતી.

  *(અમલવારી: NHAI, R&B, UDD)*

**5. સંબંધિત વિભાગનું માર્ગ સલામતી બાબતે આગામી ચોમાસાને અનુલક્ષીને આયોજન.**

- શહેરના માર્ગો ઉપર ઘણી જગ્યાએ ગટરના ઢાંકણા (Manhole covers) રસ્તાના રૂટ લેવલથી ઊંચા હોય છે. આ ગટર ઢાંકણા માર્ગ સુરક્ષા માટે અત્યંત જોખમકારક હોઇ, આવી જગ્યાઓ તાત્કાલિક શોધીને તેને દુરસ્ત કરવા સુચના આપી હતી. *(અમલવારી: UDD & R&B)*
- આ ઉપરાંત, ચોમાસાને અનુલક્ષીને દરેક વિભાગે આયોજન કરી, Potholesના તાકીદે મરામત કરાવીને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.



Scanned with CamScanner

Scanned by CamScanner

6. **ક્ષેત્રિય માર્ગ સલામતા કચેરીઓ શરૂ કરવા અંગે**

- અધ્યક્ષશ્રીએ વડોદરા, મહેસાણા, કચ્છમાં ક્ષેત્રિય કચેરીઓને ૨૦૨૧-૨૨ ની નવી સેવામાં મંજૂરી મળી હોવાથી ટૂંક સમયમાં અમદાવાદ, રાજકોટ, સુરત સાથે ઉક્ત ત્રણ ક્ષેત્રિય કચેરીઓ પણ કાર્યરત થશે અને તેની ભૂમિકા બાબતે રોડ સેફ્ટી નોડલ અધિકારીશ્રીઓને વાકેફ કર્યા હતા.

7. **ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી તરફથી માર્ગ સલામતી વર્કશોપ/સેમિનારનું આયોજન**

- અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે આગામી સમયમાં રાજ્યભરમાં માર્ગ સલામતી બાબતે જાગૃતિ વધે તે હેતુથી ઓથોરિટી દ્વારા વર્કશોપ્સનું આયોજન થનાર છે. જેમાં દરેક વિભાગ પોતાના જવાબદાર અધિકારીશ્રીઓને હાજર રાખે અને તેઓ સક્રિય ભાગ લે તે માટે સુચના આપી હતી.

8. **ટ્રોમા કેર સેન્ટર તથા એમ્બ્યુલન્સ સેવાની અસરકારકતા અંગે**

- ખાનગી સંસ્થાઓ, સરકારી હોસ્પિટલ્સ, ખાનગી હોસ્પિટલ્સની એમ્બ્યુલન્સ ૧૦૮ *ઈમરજન્સી એમ્બ્યુલન્સ* સાથે મેપીંગ કરાવીને તેની સંપુર્ણ વિગતો અધ્યક્ષશ્રી, શહેર તથા જિલ્લા માર્ગ સલામતી સમિતિઓને ઉપલબ્ધ કરાવવા માટે સુચના આપી હતી, જેથી મોટા ગંભીર અકસ્માંતોના કિસ્સાઓમાં પુરતી એમ્બ્યુલન્સ સુવિધાથી ઈજાગ્રસ્તોને સમયસર સારવાર ઉપલબ્ધ કરાવી શકાય અને તેથી માનવ મૃત્યુના પ્રમાણ પણ ઘટાડી શકાય.

  *(અમલવારી: આરોગ્ય વિભાગ/કચેરી અને RTO)*

- આરોગ્યના અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે રાજ્યના ૩૩ જિલ્લા મુજબ દરેક જિલ્લામાં ટ્રોમા કેર સેન્ટરની સુવિધા માટે નામ.સુપ્રિમકોર્ટ રોડ સેફ્ટી કમિટીની સુચના મુજબ જરૂરી વ્યવસ્થા ઉપલબ્ધ હોવી અનિવાર્ય છે. જે અનુસંધાને હાલની સ્થિતિ મુજબ ૨૦ ટ્રોમા કેર સેન્ટર કાર્યરત છે પરંતુ અન્ય જિલ્લામાં ટ્રોમા કેર સેન્ટરની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી ટ્રોમા કેર સેન્ટર બનાવવા અથવા તેને અદ્યતન કરવા માટે તબક્કા વાર આરોગ્ય વિભાગ દ્વારા બજેટમાં જોગવાઈ કરાવવા અધ્યક્ષશ્રીએ સુચના આપી હતી.

*(અમલવારી: આરોગ્ય વિભાગ/કચેરી અને RTO)*



Scanned with CamScanner

Scanned by CamScanner

9. અધ્યક્ષ સ્થાનેથી મળેલ સૂચનો:

- અકસ્માત સંભવિત સ્થળો(Valnerable stretches) પર જરૂરી સાઈન બોર્ડ, સ્પીડ બ્રેકર, એપ્રોચ રોડના જંકશન પર રોડ લેવલીંગ સહિતના કામો ઝડપભેર પુરા કરવા સૂચના આપી હતી.
- પુલોની ચોમાસા પહેલાં અને પછી સમયસર ચકાસણી કરી મરામત કરાવવામાં આવે અને માર્ગ સલામતીને અનુલક્ષીને કરાવવામાં આવેલ વાર્ષિક ઓડીટની ભલામણોનો ચુસ્ત અને સમયબદ્ધ અમલ કરાવવાની પડતર છે. જે અંગે શક્ય એટલી ત્વરાથી નિર્ણય કરાવીને જરૂરી અમલ માર્ગ સલામતિના હિતમાં કરવા સુચના આપી હતી. કરવામાં આવે અને તે મુજબ આયોજન કરવામાં આવે તેવી સુચના આપી હતી. *(અમલવારી: UDD, R&B, NHAI)*
- રહેણાંક વિસ્તારમાં માર્ગો પર સમાંતર સ્ટ્રીટ લાઈટ લગાવવા SCoRS ના વખતોવખતના દિશા-નિર્દેશો છે. જે અંગેની નીતિવિષયક બાબત લાંબા સમયથી માર્ગ અને મકાન વિભાગ પાસે જે-તે રસ્તાઓના કામોનાં ટેન્ડરમાં તેનો સમાવેશ કરાવવામાં આવે તો અમલવારી સરળ બને તે જોવા સૂચના આપી હતી.

  *(અમલવારી: UDD, R&B, NHAI)*
- જાહેર રસ્તાઓની સમાંતર ફૂટપાથ પર દબાણ દુર કરવા ઝુંબેશનું આયોજન, ટ્રાફીક નિયમન માટે ટ્રાફીક સિગ્નલ, રોડ ઉપર પાર્કીંગ ઝોન નક્કી કરવા, તેમજ રસ્તા ઉપર વાહનને નડતર ઝાડની ડાળીઓ ટ્રીમીંગ કરવા સહિતના મુદ્દાઓના નિરાકરણ માટે સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ, NHAI, માર્ગ અને મકાન તેમજ શહેરી વિકાસ વિભાગના અધિકારીશ્રીઓને સુચના આપી હતી. NHAI ના નોડલ અધિકારી આ બેઠકમાં પણ ઉપસ્થિત રહ્યા નથી,તેની સખેદ નોંધ લેવામાં આવી હતી.

  *(અમલવારી: UDD, R&B, NHAI)*
- શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટી/કોલેજ કક્ષાએ માર્ગ સલામતીની જાગૃતિ વધે તે હેતુથી ઓનલાઈન/ઓફ-લાઈન કાર્યક્રમોનું આયોજન કરવા અધ્યક્ષશ્રીએ સુચના આપી હતી. *(અમલવારી:શિક્ષણ વિભાગ)*
- BISAGના માધ્યમથી નિયમિતપણે ૧૫ દિવસે માર્ગ સલામતીના એક કાર્યક્રમનું પ્રસારણ થાય તેવી વ્યવસ્થા કરવા શિક્ષણ વિભાગના પ્રતિનિધિને જણાવેલ. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ પાસે ઉપલબ્ધ ૧૦ લાખથી વધારે

5SA
મા.શિ.બોર્ડ



Scanned with CamScanner

Scanned by CamScanner

વિદ્યાર્થીઓના મોબાઈલ નંબરો મેળવીને જાગૃતિના સંદેશો મોકલવા માટે આયોજન કરવા જણાવેલ હતું.

*(અમલવારી:શિક્ષણ વિભાગ)*

- કેલેન્ડર વર્ષ મુજબ નેશનલ/ઇન્ટરનેશનલ દિવસને જોડીને માર્ગ સલામતીને લગતા કાર્યક્રમો કરવા તમામ સંબંધિત વિભાગોને જણાવેલ.

*(અમલવારી:શિક્ષણ વિભાગ)*

અંતે, માર્ગ અકસ્માતોના સંલગ્ન વિભાગો જેવા કે ટ્રાફીક પોલીસ, R.T.O, માર્ગ અને મકાન વિભાગ, નેશનલ હાઈ વે ઓથોરીટી ઓફ ઇન્ડિયા, મ્યુનિસિપલ કોર્પોરેશન/નગર પાલિકા/શહેરી વિકાસ સત્તા મંડળો, આરોગ્ય વિભાગ સહિત તમામ વિભાગો અસરકારક સંકલન ગોઠવીને માર્ગ સલામતિ સુનિશ્ચિત કરવા માટે સમયબદ્ધ અને પરિણામલક્ષી કામગીરી કરે તે માટે સુચના આપીને બેઠકમાં હાજર સર્વ અધિકારીઓનો આભાર માની બેઠક પૂર્ણ કરવામાં આવી હતી.

(એલ.પી.પાડલીઆ)
કમિશનર
ગુજરાત રોડ સેફટી ઓથોરીટી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

Scanned by CamScanner

## Annexure-1

## Attendance sheet

| Sr.No. | Name of Officer | Designation | Department |
|---|---|---|---|
| 1 | Prakash B. Patni | Joint Secretary | Urban Development & Housing Development Department |
| 2 | Mr. M.J. Christian | Dy. SP | State Traffic Branch |
| 3 | Mr. Y.H. Patel | Deputy Director | Commissioner of Higher Education |
| 4 | Dr. Ushma Anando | Secretary | Director of tech. Education |
| 5 | Mr. M.A. Mojanidar | Joint commissioner | Gujarat Road Safety Authority |
| 6 | Mr. Hitesh H. Brahmbhatt | OSD | H. & F.W. Department |
| 7 | Mr. A.N. Mistry | OSD | Road and Building Department |
| 8 | Mr. Sanjaykumar Pandya | Motor Vehicle Prosecutor | Office Of Commissioner of Transport |
| 9 | Mr. C.R. Patel | I/c. CEO | Gujarat Road Safety Authority |
| 10 | Mr. N.K. Solankee | REO | Gujarat Road Safety Authority |
| 11 | Mr. S.B. Patel | REO | Gujarat Road Safety Authority |
| 12 | Mr. Narendrasinh Gohil | Sr. Manager | GVK EMRI 108 |
| 13 | Mr. M.P. Anandkumar | Sci. – 'D' | National Information centre |
| 14 | Mr. H.P. Mehta | Sci. – 'E' | National Information centre |
| 15 | Mr. R.K. Chavada | Sci. – 'F' | National Information centre |
| 16 | Mr. S.R. Shah | - | - |

*************

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૯-A તા.૨૫-૦૮-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- Request Nominations For 25th Mahaveer Awards.

સંદર્ભઃ- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૯૨૬૬-૯૩૫૫ તા.૨૫-૦૮-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ભગવાન મહાવીર ફાઉન્ડેશન તરફથી ૨૫માં મહાવીર પુરસ્કારો શુભેચ્છાઓ માટે નામાંકન માટે ભલામણ કરવા માટે જણાવેલ છે. ભગવાન મહાવીર ફાઉન્ડેશન ૧૯૯૪માં શ્રી એન.સુગલચંદ જૈન દ્વારા સ્થાપિત જાહેર ચેરિટેબલ ટ્રસ્ટ છે. સમાજને નિસ્વાર્થ સેવા પૂરી પાડવામાં વ્યસ્ત વ્યક્તિઓ અને સંસ્થાઓને પોષવું, પ્રોત્સાહન આપવું અને સન્માન આપવું અને અન્ય લોકોને પણ અનુસરવા માટે પ્રોત્સાહન કરવા જેથી ભગવાન મહાવીર ફાઉન્ડેશન નીચેના ચાર ક્ષેત્રોમાં વાર્ષિક મહાવીર પુરસ્કારોની સ્થાપના કરી છે. જેમાં પ્રત્યેક રૂ.૧૦,૦૦,૦૦૦/- (રૂ.દસ લાખ) એક પ્રશસ્તિપત્ર અને સ્મૃતિચિન્હ (૧) અહિંસા અને શાકાહારી ઈડી ( ૨) શિક્ષણ (૩) દવા (૪) સમુદાય અને સમાજ સેવા દેશના પ્રતિષ્ઠિત નાગરિકો અને વહીવટકર્તાઓ અને બેચરલ પબ્લિક તરફથી પુરૂષોને આમંત્રિત કરવામાં આવે છે. ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ શ્રી એમ.એન.વેંકટાચલિયાની આગેવાની હેઠળની જયુરી દ્વારા એવોર્ડ મેળવનારાઓની પસંદગી કરવામાં આવે છે. ૨૧ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશના ૨૦ આર્ડીઓને સન્માનિત કરવામાં આવ્યા છે. ભારતના રાષ્ટ્રપતિ, ભારતના ઉપરાષ્ટ્રપતિ, રાજયપાલો, મુખ્યમંત્રી વગેરે જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા ઉપચારિક સમારંભમાં પુરસ્કારોને એવોર્ડ આપવામાં આવે છે. વેબસાઈટ www.bmfawards.org સમાજમાં સ્વયંસેવા કરતી ઘણી વ્યક્તિઓ અને સંસ્થાઓ ધ્યાને આવેલ છે. ૨૫માં મહાવીર પુરસ્કારો માટે વિચારણા કરી શકાય તેવી વ્યક્તિઓ અથવા સંસ્થાઓની ભલામણ કરવા તેઓના નામ અને સરનામા bmfawards@gmail.com અથવા ઉપર સંદર્ભિત પત્રમાં જણાવેલ સરનામા પર મોકલવા જણાવવામાં આવે છે. સદર વિગતો ૩૦ મી સપ્ટેમ્બર ૨૦૨૧ પહેંલા મોકલવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૮-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

૪૮૪૪૯ ક્રમાંકઃ:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૯૨૯૬-૯૩૫૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૫/૦૮/૨૦૨૧

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- Request Nominations For 25th Mahaveer Awards

**સંદર્ભઃ**- શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંકઃપરચ-૧૨૨૦૨૦-૨૮૯-વ.ર, તા.૧૧/૦૮/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, કે.નંદા કિશોર (IAS) (Retd), ભગવાન મહાવીર ફાઉન્ડેશનના તા.૨૧/૦૭/૨૦૨૧ના પત્રમાં જણાવ્યા મુજબ ભગવાન મહાવીર ફાઉન્ડેશન તરફથી 25 મા મહાવીર પુરસ્કારો શુભેચ્છાઓ માટે નામાંકન માટે ભલામણ કરવા માટે જણાવેલ છે. ભગવાન મહાવીર ફાઉન્ડેશન 1994 માં શ્રી એન સુગલચંદ જૈન દ્વારા સ્થાપિત જાહેર ચેરિટેબલ ટ્રસ્ટ છે. સમાજને નિસ્વાર્થ સેવા પૂરી પાડવામાં વ્યસ્ત વ્યક્તિઓ અને સંસ્થાઓને પોષવું, પ્રોત્સાહન આપવું અને સન્માન આપવું અને અન્ય લોકોને પણ અનુસરવા માટે પ્રોત્સાહિત કરવા જેથી ભગવાન મહાવીર ફાઉન્ડેશને નીચેના ચાર ક્ષેત્રોમાં વાર્ષિક મહાવીર પુરસ્કારોની સ્થાપના કરી છે, જેમાં પ્રત્યેક રૂ.10,00,000 (રૂ. દસ લાખ), એક પ્રશસ્તિપત્ર અને સ્મૃતિચિહ્ન. 1. અહિંસા અને શાકાહારી ઇડી 2. શિક્ષણ 3. દવા 4. સમુદાય અને સમાજ સેવા દેશના પ્રતિષ્ઠિત નાગરિકો અને વહીવટકર્તાઓ અને બેયરલ પબ્લિક તરફથી પુરૂષોને આમંત્રિત કરવામાં આવે છે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ શ્રી એમ એન વેંકટાચલિયાની આગેવાની હેઠળની જ્યુરી દ્વારા એવોર્ડ મેળવનારાઓની પસંદગી કરવામાં આવે છે. 21 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશના 20 આર્ડીઓને સન્માનિત કરવામાં આવ્યા છે, ભારતના રાષ્ટ્રપતિ, ભારતના ઉપરાષ્ટ્રપતિ, રાજ્યપાલો, મુખ્યમંત્રી વગેરે જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા ઉપચારિક સમારંભમાં પુરસ્કારોને એવોર્ડ આપવામાં આવે છે. વેબસાઇટ www.bmfawards.org સમાજમાં સ્વયંસેવા કરતી ઘણી વ્યક્તિઓ અને સંસ્થાઓ ધ્યાને આવેલ છે. 25 મા મહાવીર પુરસ્કારો માટે વિચારણા કરી શકાય તેવી વ્યક્તિઓ અથવા સંસ્થાઓની ભલામણ કરવા તેઓના નામ અને સરનામાં bmfawards@gmail.com અથવા ઉપર જણાવેલ અમારા સરનામા પર મોકલવા જણાવેલ છે. સદર વિગતો 30 મી સપ્ટેમ્બર 2021 પહેલા મોકલવા જણાવેલ છે. સદર બાબતે સામેલ પત્ર ને ધ્યાને લઇ આપના હસ્તકની તમામ શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ,</u>

- શ્રી ભગવતસિંહ ગોહિલ, સેકશન અધિકારી, વ.ર - શાખા, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- એડવાઇઝરશ્રી, કે, કે.નંદા કિશોર (IAS) (Retd), ભગવાન મહાવીર ફાઉન્ડેશન, સીયત હાઉસ, ૯૬૧, પુનામલી હાઇવે રોડ, ચેન્નાઇ- ૬૦૦૦૮૪

Scanned by CamScanner

ક્રમાંક:પરચ/૧૨૨૦૨૦/૨૮૯/વ.૨
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૧/૦૮/૨૦૨૧

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા., ગાંધીનગર
21 AUG 2021
આવક નં. ૨૮૯૮
શાખા : ...

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી.,બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, બ્લોક નં ૨/૬, કર્મયોગી ભવન, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

વિષય : Request Nominations For 25th Mahaveer Awards

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના કે.નંદા કિશોર (IAS) (Retd), ભગવાન મહાવીર ફાઉન્ડેશનના તા.૨૧/૦૭/૨૦૨૧ના પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે,પ્રસ્તુત પત્રમાં જણાવેલ વિગતોની ચકાસણી કરીને નિયમાનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

બિડાણઃ- ઉપર મુજબ

આપનો વિશ્વાસુ

(ભગવતસિંહ ગોહિલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

19 AUG 2021

DD-plan

Scanned by CamScanner

# BHAGWAN MAHAVEER FOUNDATION

CHENNAI

Date: 21/07/2021

From
K Nanda Kishore, I.A.S. (Retd),
Advisor,
Bhagwan Mahaveer Foundation,
961, Siyat House, IV Floor,
Poonamallee High Road, Chennai - 600 084.

CS

C. S. Office
336544
Dt. 31/7/21

To
Shri Anil Mukhim, I.A.S.,
The Chief Secretary
Government of Gujarat

341060

ACS(SJED)

Respected Chief Secretary,

Sec(P&SE)

Sub- Request nominations for 25th Mahaveer Awards

ACS-Health

Warm Greetings from Bhagwan Mahaveer Foundation

I wish to inform that the Bhagwan Mahaveer Foundation is a Public Charitable Trust established by Shri N Sugalchand Jain in 1994.

The aim of the Foundation is to identify, nurture, encourage and honour individuals and institutions who are engaged in providing selfless service to the society and also encourage others to follow suit.

Hence the Bhagwan Mahaveer Foundation has instituted the annual Mahaveer Awards in the following four fields, each carrying a sum of Rs.10,00,000 (Rs. Ten Lakhs), a citation and a memento.

1. Non-Violence and Vegetarianism
2. Education
3. Medicine
4. Community and Social Service

Sec-1/ED

२८६/८२
२०/८/२२

"Siyat House", 961, Poonamallee High Road, Chennai - 600 084, ~~Ph : 91-44-4293 3333, Fax: 91-44-4293 3339~~
Email: bmfawards@gmail.com / Website: www.bmfawards.org

48

Ph : 044 - 35220000 ; 044 - 42153056

DS/(SJ)

3-8-21

Scanned by CamScanner

Nominations are invited from eminent citizens of the country and administrators and the general public. The awardees are selected by a Jury headed by **Justice Shri M N Venkatachaliah, former Chief Justice of India.**

Till now 76 awardees from 21 States and 1 Union Territory have been honoured. The awards are given to the awardees in formal functions by eminent persons like the **President of India, the Vice President of India, Governors, Chief Minister** etc.

We invite you to kindly visit our website www.bmfawards.org

Many individuals & institutions doing selfless service in the society may have come to your notice. We request you to kindly recommend persons or institutions who may be considered for the 25th Mahaveer Awards.

The names and addresses of the persons/ institutions recommended for consideration may be sent to bmfawards@gmail.com or to our address mentioned above. The names may kindly be sent before 30th September 2021.

Your recommendations will go a long way in encouraging individuals / institutions doing selfless service to our society. We have pleasure in enclosing a copy of Nomination Form for your kind reference and the brochure of Bhagwan Mahaveer Foundation.

Thanking you,

Warm Regards,

K. Nanda Kishore,
Advisor,
Bhagwan Mahaveer Foundation

Scanned by CamScanner